પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૦૩ | ૩ ઓકટોબર, ૨૦૧૯, ગુરૂવાર; આસો સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે ભારતની પ્રતિષ્ઠા વિશ્વમાં વધી છે : મોદી

**વડાપ્રધાન મોદીનું અમદાવાદ એરપોર્ટ પર આગમન : દરેક સમસ્યાના સમાધાનમાં ગાંધી આજે પણ છે અને આવતીકાલે પણ રહેશે**




અમદાવાદ,તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીના અવસરે અમદાવાદ આવી પહોંચ્યા હતા. અમદાવાદ એરપોર્ટ પર ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી,નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, અમદાવાદ મેયર બીજલ પટેલ સહીત વિવિધ નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એરપોર્ટ પર પોતાનું સંબોધન પણ કર્યુ હતું.

એરપોર્ટ પર સભાને સંબોધિત કરતા પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે - વિશ્વમાં આજે ભારતના પાસપોર્ટની તાકાત વધી છે. ભારતના પાસપોર્ટને સન્માનની નજરથી જોવામાં આવે છે. દુનિયામાં ભારતની તાકાત વધી રહી છે. ભારતની પ્રતિષ્ઠા આખા વિશ્વમાં વધી રહી છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસના વિચારને યુએનમાં સારો પ્રભાવ મળ્યો હતો. યુએનના ૭૦ વર્ષના ઈતિહાસમાં આ સૌથી મોટી ઘટના હતી. એવું લાગી રહ્યું હતું કે દુનિયાના તમામ દેશોએ ભારતનો સ્વિકાર કરી લીધો છે.

● અનુસંધાન પાન-૭ પર

## મહાત્મા ગાંધી અને લાલબહાદુર શાસ્ત્રીને દેશની ભાવભીની અંજલિ

**રાજઘાટ અને વિજય ઘાટ પર શ્રદ્ધાંજલિ-પ્રાર્થના સભાનું આયોજન**



નવીદિલ્હી, તા.૨

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીના જન્મદિવસના પ્રસંગે આજે તેમને યાદ કરવામાં આવ્યા હતા. તેમને તમામ મોટા નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી હતી. રાજઘાટ ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ, ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી પહોંચ્યા હતા. તમામ નેતાઓએ બાપૂને યાદ કર્યા હતા અને તેમની સમાધિ ઉપર પુષ્પાંજલિ આપી હતી. વિજયઘાટ ઉપર લાલબહાદુર શાસ્ત્રીને પણ નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી હતી. મોદીએ ટ્વિટ મારફતે બંને મહાન વિભૂતિઓને યાદ કરી હતી. ગાંધી જયંતિ ઉપર બાપૂને સતસત નમન કહીને ટ્વિટર ઉપર મોદીએ શ્રદ્ધાંજલિ આપી હતી. મોદીએ કહ્યું હતું કે, તેમના વિચાર દુનિયાભરમાં લાખો લોકોને પ્રેરણા આપે છે.આ ટ્વિટની સાથે મોદીએ બાપુના જીવન અને તેમના વ્યક્તિત્વને લઈને પોતાની બાબતો રજૂ કરી રહ્યા છે. લાલ બહાદુર શાસ્ત્રીને યાદ કરતા મોદીએ કહ્યું છે કે, જય જવાન જય કિસાન ઉદઘોષ કરીને લાલબહાદુર શાસ્ત્રીએ દેશના લોકોમાં નવા પ્રાણ ફૂંકી દીધા હતા. નવો ઉત્સાહ જગાવ્યો હતો. જવાનો અને કિસાનો માટે પ્રેરણા સમાન અને દેશને કુશળ નેતૃત્વ આપનાર લાલ બહાદૂર શાસ્ત્રીને પણ દેશના લોકો શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ પણ શ્રદ્ધાંજલિ આપવા માટે રાજઘાટ પહોંચ્યા હતા. બીજી બાજુ દેશમાં જુદા જુદા કાર્યક્રમોનું આયોજન બંને મહાન હસ્તીઓને યાદ કરીને કરવામાં આવ્યા હતા. લાલ બહાદૂર શાસ્ત્રી અને મહાત્મા ગાંધીના જીવન સાથે જોડાયેલા જુદા જુદા કાર્યક્રમનું આયોજન દેશના વિવિધ ભાગોમાં કરવામાં આવ્યું હતું. લોકો ઉત્સાહ સાથે જોડાયા હતા.

# ઈન્કમટેક્સ સ્લેબમાં ઘટાડાના સંકેતો

**૫-૧૦ લાખ સુધીની આવક ઉપર ૧૦ ટકા ટેક્સ સ્લેબ પર વિચારણા : સેસ, સરચાર્જને દૂર કરીને ૩૦ ટકા ટેક્સ સ્લેબને ઘટાડીને ૨૫ ટકા કરવાના વિકલ્પો ઉપર પણ વિચારણા : કરદાતાઓના ખિસ્સામાં વધારે પૈસાનો ઉદ્દેશ્ય**

નવી દિલ્હી,તા. ૨

તહેવારની સિઝનમાં કેન્દ્ર સરકાર કરદાતાઓને મોટી રાહત આપવાની તૈયારીમાં દેખાઈ રહી છે. કરદાતાઓને મોટી ભેંટ ટૂંક સમયમાં જ આપી શકે છે. કરદાતાઓના ખિસ્સામાં વધુ પૈસા બચી શકે તેના હેતુ સાથે સરકાર આગળ વધી રહી છે. આર્થિક ગતિવિધિ તીવ્ર બનાવવાના પ્રયાસ પણ થઈ રહ્યા છે. ટૂંક સમયમાં જ સરકાર ટેક્સ સ્લેબમાં મોટા ફેરફાર કરી શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સરકારી અધિકારી ડાયરેકટ ટેક્સ કોડ (ડીટીસી)ના પ્રસ્તાવ હેઠળ જુના ઈન્કમટેક્સ કાયદાને સરળ અને ટેક્સ રેટને તર્કસંગત બનાવવા માટે કામગીરી ચાલી રહી છે. ડીટીસી ઉપર રચવામાં આવેલી ટાસ્ક ફોર્સે ૧૯મી ઓગસ્ટના દિવસે પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો. સરકાર ટેક્સ શિસ્ત અને આધારને વધારવા માટે કરદાતાઓની સુવિધા વધારવા માટે ઈચ્છુક છે. સરકાર ટેક્સ કાપને લઈને અનેક વિકલ્પો ઉપર વિચારણા કરી રહી છે. આ નિર્ણયથી મહેસુલી અને અન્ય પરિસ્થિતિમાં વિચારણા કરવામાં આવનાર છે. દરેક કરદાતાને ઓછામાં ઓછા પાંચ ટકા ટેક્સ છુટછાટ આપવા પર કામ ચાલી રહ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ૫થી ૧૦ લાખ રૂપિયા સુધીની આવક પર ૧૦ ટકા ટેક્સ સ્લેબને લઈને વિચારણા ચાલી રહી છે. હાલમાં આટલી આવક પર ૨૦ ટકા ટેક્સ લાગૂ પડે છે. સેસ, સરચાર્જને દૂર કરીને ૩૦ ટકા ટેક્સ સ્લેબને ઘટાડીને ૨૫ ટકા કરવા પર વિચારણા ચાલી રહી છે. હાલમાં ૨.૫ લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક પર ટેક્સ લાગૂ કરાતો નથી જ્યારે ૨.૫ લાખ રૂપિયા પાંચ લાખ રૂપિયા સુધીની આવક પર ૫ ટકા ટેક્સ આપવામાં આવે છે પરંતુ ફેબ્રુઆરી ૨૦૧૯માં વચગાળાના બજેટમાં સરકારે પાંચ લાખ રૂપિયા સુધીની કરવેરાપાત્ર આવક પર ટેક્સ છુટછાટોની જાહેરાત કરી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, તમામ પાસાઓ ઉપર વિચારણા ચાલી રહી છે. ટૂંક સમયમાં જ જાહેરાત કરવામાં આવશે. સરકાર દિવાળીથી પહેલા મોટી જાહેરાત કરી શકે છે. આનાથી કરદાતાઓના હાથમાં મોટી રકમ આવશે.

## ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આગામી સપ્તાહે ભારતની મુલાકાતે

ન્યુ દિલ્હી,તા.૨

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ભારતની મુલાકાતે આવી રહ્યાં છે. શી જિનપિંગ ઓકટોબરના બીજા અઠવાડિયામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે ચેન્નાઈની નજીક મહાબલીપુરમની મુલાકાત લેશે. આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે અનૌપચારિક શિખર સંમેલન દરમિયાન વચ્ચે મુલાકાત યોજાશે.

તમિલનાડૂના ઐતહાસિક શહેર મહાબલીપુરમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની મુલાકાતને લઈને સ્વાગતની તૈયારીઓ કરવામાં આવી રહી છે. સુરક્ષાને ધ્યાનમાં લઈને તટીય વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી છે.

## મૈસૂરમાં એમઆઈ-૧૭ હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ

મૈસૂર,તા.૨

ટેક્નિકલ ખામીના કારણે વાયુસેનાના એમઆઈ-૧૭ હેલિકોપ્ટરનું કર્ણાટકના માંડ્યામાં ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યુ હતુ. આ હેલિકોપ્ટરે મૈસૂરથી ઉડાન ભરી હતી.

જોકે, ટેક્નિકલ ખામીના કારણે માંડ્યામાં હેલિકોપ્ટરનું લેન્ડિંગ કરાવવામાં આવ્યુ હતુ. વાયુસેનાના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે હેલિકોપ્ટર દસારા જવા માટે રવાના થયુ હતુ.

# જમ્મુમાં નેતાઓની નજરબંધીનો અંત

**ગાંધી જયંતી પર સરકારનો નિર્ણય : ખબરદાર, કોઈ વિવાદાસ્પદ વિધાન કર્યું તો..અન્યથા...**



ન્યુ દિલ્હી/શ્રીનગર,તા.૨

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જયંતીએ આજે કેન્દ્ર સરકારે જમ્મુ કશ્મીરના નજરકેદમાં રહેલા નેતાઓને મુક્ત કરવાની ઔપચારિક જાહેરાત કરી હતી.

જો કે તમામને એવી ચેતવણી આપવામાં આવી હતી કે કોઈ વિવાદાસ્પદ નિવેદન કરીને રાજ્યની કાયદો તેમજ વ્યવસ્થા ખોરવવાના પ્રયાસો નહીં કરતા. એક અભિપ્રાય મુજબ રાજ્યમાં થનારી બ્લોક ડેવલપમેન્ટ કાઉન્સિલની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો હતો.

કેન્દ્ર સરકારે પાંચમી ઑગસ્ટે જમ્મુ કશ્મીરને ખાસ દરજ્જો આપતી ૩૭૦મી કલમ રદ કરી ત્યારબાદ બે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પીડીપીનાં મહેબૂબા મુફતી, નેશનલ કોન્ફરન્સના ઉમર અબ્દુલ્લા તથા એના પિતા ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન ડૉક્ટર ફારુખ અબ્દુલ્લા સહિત સંખ્યાબંધ નેતાઓને નજરકેદમાં નાખ્યા હતા. વિભાજનવાદી પરિબળોને પણ અટકાયતમાં લેવાયાં હતાં. ડોગરા સ્વાભિમાન સંગઠન પાર્ટીના અધ્યક્ષ ચૌધરી લાલ સિંઘને પણ નજરકેદ કરાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ નહીં

**વર્તમાન કાયદા અને જાગૃત્તિની મદદ લેવાશે : અર્થતંત્રમાં પહેલાથી રહેલી મંદીના પરિણામે સરકાર પણ કઠોર પગલાઓ લેવાથી બચવાના મૂડમાં**



નવીદિલ્હી,તા.૨

સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સરકાર સંપૂર્ણપણે પ્રતિબંધ નહીં મુકીને હાલમાં આની સામે અભિયાનને તીવ્ર કરવા માંગે છે. જનજાગૃતિ સુધી જ આને મર્યાદિત રાખવા માંગે છે. સરકારે સ્પષ્ટતા કરતા કહ્યું છે કે, વડાપ્રધાન મોદીના સ્વચ્છ ભારત મિશનનો હેતુ સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મુકવાનો રહેલો નથી. જળશક્તિ મંત્રાલય દ્વારા સંચાલિત ટ્વિટર હેન્ડલ સ્વચ્છ ભારત પર સરકારે કહ્યું છે કે, અભિયાનનો મુખ્ય હેતુ સિંગલ યુઝ પ્લાસ્ટિકની સામે જાગૃકતા જગાવવાનો રહેલો છે. સરકારી અધિકારીઓને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, સરકાર સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પૂર્ણ પ્રતિબંધ

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીને દૂર કરી સંઘને દેશના પ્રતિક બનાવવા માટે પ્રયાસો : સોનિયા ગાંધી

**ગાંધી જ્યંતિ પ્રસંગે સોનિયા ગાંધીના પ્રહારો : મોદી સરકાર જુઠ્ઠાણા અને નફરતની રાજનીતિ કરી રહી છે : કોંગ્રેસ દ્વારા દિલ્હીમાં કરાયેલું પદ યાત્રાનું આયોજન**

નવીદિલ્હી,તા.૨

મહાત્મા ગાંધીની ૧૫૦મી જ્યંતિના પ્રસંગ પર કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીએ કેન્દ્રની મોદી સરકાર અને સ્વયંસેવક સંઘ ઉપર આકરા પ્રહાર કર્યા હતા. કોંગ્રેસની પદયાત્રાના સમાપન કાર્યક્રમમાં સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, લોકો ગાંધીનું નામ લઈને તેમના જ માર્ગથી દૂર હટવાના પ્રયાસ કરી રહ્યા છે. સોનિયા ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, મોદી સરકાર જુઠ્ઠાણા અને નફરતની રાજનીતિ રમી રહી છે. ગાંધી ક્યારે પણ આ માર્ગથી પીછેહઠ કરી ગયા નથી. જુઠ્ઠાણાની રાજનીતિ કરનાર લોકો ક્યારે પણ ગાંધીને સમજી શકે નહીં. ગાંધી પ્રેમ માટે ઉભા થયા




પ્રકારની ચીજો માટે ઉભા રહ્યા ન હતા. કોંગ્રેસ પ્રમુખે કહ્યું હતું કે, આટલા પ્રયાસો છતાં ભારતે પીછેહઠ કરી નથી. કારણ કે, દેશમાં ગાંધીના મૂલ્યો આજે પણ જીવંત રહ્યા છે.

કાર્યકરો અને નેતાઓને સંબોધતા તેમણે કહ્યું હતું કે, જુઠ્ઠાણાની રાજનીતિ થઈ હોવા છતાં ભારતના લોકો ક્યારે પણ નફરત માટે ઉભા થયા ન હતા. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું હતું કે, ગાંધીનું નામ લેવાની બાબત સરળ છે પરંતુ તેમના માર્ગ ઉપર ચાલવાની બાબત ખુબ જ મુશ્કેલરુપ છે. સોનિયા ગાંધીએ પોતાના ભાષણમાં મહિલાઓ અને યુવાઓનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, દેશના યુવાનો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે.

## દિલ્હીથી કટરા વચ્ચે દોડનાર વંદે ભારત એક્સપ્રેસને આજે અમિત શાહ લીલીઝંડી આપશે

ન્યુ દિલ્હી,તા.૨

શ્રી માતા વૈષ્ણોદેવીના દર્શન માટે જનારા ભક્તો માટે ભારતીય રેલવે તરફથી આ નવરાત્રિમાં મોટી ભેટ આપવામાં આવી છે. દિલ્હીથી કટરા વચ્ચે દોડનારી વંદે ભારત એક્સપ્રેસને ૩ ઓક્ટોબરના રોજ ગૃહ મંત્રી અમિત શાહ લીલી ઝંડી દેખાડીને રવાના કરશે. પરંતુ મુસાફરો માટે આ ટ્રેનની શરૂઆત ૫ ઓક્ટોબરથી થશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

DEV INFORMATION TECHNOLOGY LTD.
DEV IT Simplified...
WALK-IN INTERVIEW
03rd October, 2019 | 10:00 AM to 05:00 PM | Job Location: Gandhinagar
દેવ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી લિમિટેડ દ્વારા રાજ્યભરના ખાનગી ધંધાકીય એકમો તથા સરકારી સાહસો માં વિવિધ IT Projects માટે નીચે મુજબ લાયકાત ધરાવતી વ્યક્તિઓની જરૂર છે:

| | |
|---|---|
| **Software Developer (.NET)** 2+ years **Qualification:** MCA/ (BE / B.Tech ( C.S. / E.C. ) ) OR M.Sc. in Computer Science/IT | **Sr. Software Developer (.NET)** 5+ years **Qualification:** MCA/ (BE / B.Tech ( C.S. / E.C. ) ) OR M.Sc. in Computer Science/IT |
| **Software Developer (PHP)** 2+ years **Qualification:** MCA/ (BE / B.Tech ( C.S. / E.C. ) ) OR M.Sc. in Computer Science/IT | **Content Writer** 5+ years **Qualification:** MCA/Graduate in Science with Knowledge Web Technologies |
| **Web Designer** \| 2+ years **Qualification:** MCA/ (BE / B.Tech ( C.S. / E.C. ) ) OR Graduate in Science with Knowledge Web Technologies | |

ઉપર જણાવેલ લાયકાત ધરાવતી વ્યક્તિ પોતાના યોગ્ય ભણતર બાબતના તથા અનુભવ બાબતના પ્રમાણપત્રો પુરાવા રૂપે સાથે રાખી નીચે જણાવેલ સરનામા ઉપર તારીખ ૩ ઓક્ટોબર સવારે ૧૧ વાગ્યા થી સાંજે ૫ વાગ્યા સુધી માં હાજર રહી કંપની ના પ્રતિનિધિ ને મળવું:
careers@devitpl.com | +91 9099902806 | www.devitpl.com/careers
WALK-IN ADDRESS
MEHTA SHETH & ASSOCIATES
901-902, Shalin, Opp. Petrol Pump, Sector: 11, Gandhinagar - 382011 (Gujarat)

